ગાંધીનગર સમાચાર

તા. ૯-૨-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### એક્ઝિટ પોલમાં આમ આદમીનો ડંકો

દિલ્હી વિધાનસભાની ચૂંટણીએ દેશ અને દુનિયાનું ધ્યાન ખેંચ્યુ છે. ૨૦૧૩ની સરખામણીએ ત્રણેક ટકા વધુ મતદાન (૭૦ ટકા) સાથે સંપન્ન થયેલ ચૂંટણીનાં પરિણામો તો દસમી તારીખે બહાર પડશે પરંતુ વિવિધ એજન્સીઓ અને ટીવી ચેનલો દ્વારા કરાયેલ એક્ઝિટ પોલ સર્વેક્ષણોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઇ ભાજપમાં મુખ્યમંત્રીપદના પેરાશૂટ ઉમેદવાર કિરણ બેદીની ઊંઘ હરામ કરી દીધી છે. શાહ-મોદીની જોડીએ દેશની અન્ય વિધાનસભાઓની ચૂંટણીમાં જે કરિશ્મા દેખાડ્યો હતો તેની દેશના દિલ તરીકે ઓળકાતી દિલ્હીમાં હવા નીકળી ગઇ છે. મોટા ભાગનાં તારણો આમ આદમી પાર્ટીની સ્પષ્ટ બહુમતીની આગાહી કરી રહ્યાં છે. મુખ્યમંત્રીપદ માટે કેજરીવાલ મતદારાઓની પહેલી પસંદગી તરીકે ઊપસી આવ્યા છે અને કિરણ બેદી લાખ ધમપછાડા તથા સત્તાધારી પાર્ટીની ઝુઝારુ પ્રચાર ઝુંબેશ છતાં એમના અણ્ણા આંદોલનના સાથીને માત આપવામાં નિષ્ફળ ગયા છે. આમ આદમી પાર્ટી વિરુદ્ધ બેફામ આક્ષેપોનો મારો છેક ચૂંટણીના છેલ્લા તબક્કા સુધી અને મતદાનના છેલ્લા કલાકો સુધી ચાલતો રહ્યો પરંતુ મતદાતાઓએ એની દરકાર કર્યા વગર મનનું ધાર્યું કર્યું હોય એવું વરતાઇ રહ્યું છે. પેટ્રોલ-ડિઝલના ભાવોમાં થયેલા નોંધપાત્ર ઘટાડાનો જશ લેવાની વડાપ્રધાનની ચાલ દિલ્હીની વિચક્ષણ મતદાતાઓને પ્રભાવિત કરી શકી નથી તેમ કિરણ બેદીની વાચાળ અને કૃતક સંવેદનશીલતાની પણ અવળી અસર પડી હોય એમ લાગે છે. કહેવા ખાતર ભાજપનું સંગઠન ભલે એક અવાજે કિરણ બેદીની પડખે રહ્યું હોવાનો દાવો કરાતો હોય પરંતુ આયાતી ઉમેદવાર ટોકી બેસાડવાની જોહુકમી પાયાના કાર્યકરને મંજૂર નહોતી, એવું સ્પષ્ટ લાગી રહ્યું છે. કેટલાક એક્ઝિટ પોલ તો આમ આદમી પાર્ટીને ક્લીન સ્વીપ મળવાના સંકેત દર્શાવી રહ્યા છે. કોંગ્રેસના સૂપડાં સાફ થતાં એની આખે આખી વોટબેંક 'આપ'ના ખાતામાં ઠલવાઇ રહી હોવાનાં તારણો આવી રહ્યાં છે. ભાજપના ખેરખાંઓ માટે આઠ જ મહિનામાં દિલ્હીનો પરાજય એક મહત્ત્વનો લોકચુકાદો જ નહીં બલકે એમની ચાલચલગત સુધારવા માટેની લાલબત્તી બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. પ્રજાને લાંબો સમય મૂર્ખ નથી બનાવી શકાતી પ્રજાને માત્ર ભાષણોથી ભરમાવી શકાશે નહીં, એની અપેક્ષાઓ પર ખરા ઉતરવાની આકરી કસોટીમાંથી પાર થવાની પણ તૈયારી રાખવી પડશે, તેનું આ ચૂંટણી ઝળહળતું ઉદાહરણ બની રહેશે. મોંઘવારી, ભ્રષ્ટાચાર, વીજળી, મહિલા સુરક્ષા અને વસાહતના પ્રશ્નો સામે ઝઝૂમતા ગરીબ અને નીચલા મધ્યમ વર્ગનો મતદાર ભાજપની હવાઇ વાતોનાં વડાંથી વાજ આવીને 'ભાગેડું' ગણાવાયેલા છતાં સ્વચ્છ અને આંદોલનની નીપજસમા ઝુઝારુ પરિણામલક્ષી નેતા તરીકે અરવિંદ કેજરીવાલ પર પસંદગીની મહોર મારે છે તે સૂચક છે. એને વિકાસમાં તોતિંગ સપનાં કરતાં રોટી, કપડાં અને મકાન જેવી રોજિંદી જરૂરિયાતોની ચિંતા કરનારી પાર્ટી ખપે છે, પછી ભલે એ કેન્દ્ર સરકાર સામે શિંગડાં ભરાવીને રાજ કરે!



## ડભોડા કુમાર શાળાની ટીમનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર તાલુકાના ડભોડાની કુમારશાળાની ખો-ખોની ટીમે અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે યોજાયેલ રમતોત્સવમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા દ્વિતિય સ્થાન મેળવ્યું હતું. આ ટીમે અગાઉ તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ રમતોત્સવમાં ગાંધીનગર, ખેડા, અમદાવાદ શહેર-ગ્રામ્ય અને સુરેન્દ્રનગરનો સમાવેશ થતો હતો. ડભોડા ગામ અને શાળાનું નામ રોશન કરનાર આ ટીમને ટ્રોફી, શિલ્ડ તથા પ્રમાણપત્રોથી સન્માનવામાં આવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ)

## કેન્સર જાગૃતિ રેલીમાં પ્રેરણા સ્કુલ જોડાઈ

ગાંધીનગર, તા.૮

વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે લોકોમાં જનજાગૃતિ કેળવાય તે હેતુથી રેસ ટુ રેન ઈન કેન્સર નામની સંસ્થા અને પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિ.ના સંયુકત ઉપક્રમે યોજાયેલ રેલીમાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલી ઘ-૪ ખાતેથી પ્રસ્થાન થઈને ઘ-૨ ખાતે પહોંચી હતી. જેમાં સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, યુનિ.ના વિદ્યાર્થીઓ તેમજ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓની સાથે સાથે આચાર્ય મનીષભાઈ ખત્રી અને શાળાના શિક્ષકો પણ જોડાયા હતા. લોકોમાં કેન્સર વિશે જનજાગૃતિ કેળવાય તેમજ કેન્સરને કેન્સલ કરવાના હેતુથી પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખુબ જ સુચક પ્લે કાર્ડઝ, બેનર તેમજ સૂત્રોચ્ચાર કર્યા હતા.

## હરિની દ્રષ્ટિ...




જે સેંકડ-ઓપિનીયન સાહેબે આપ્યો તેનાથી સંતોષ થયો ન હોય તો તમે થોડી વધુ ફી ભરી અહીં જ થર્ડ ઓપિનીયન લેવાની ફેસેલીટી અમારી હોસ્પીટલમાં છે જ...!!

## એમ.બી. પટેલ કન્યાશાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પ્રિયા ભાયાણીએ નિબંધ સ્પર્ઝામાં બીજું સ્થાન મેળવ્યું હતું તેમજ એક પાત્રિય અભિનયમાં હનિ પટેલે ત્રીજો નંબર મેળવ્યો હતો. પ્રિયા રાજકોટ ખાતે યોજાનાર રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

## સે.૭ ચૌધરી મહિલા કોલેજમાં સ્વબચાવ અંગેની તાલીમ આપવામાં આવી

ગાંધીનગર, તા. ૮

સેકટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ અંગેની તાલીમ અને સાવચેતી પર કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. ત્યારે એ.સી.પી. ડૉ. કાનન દેસાઈના વ્યાખ્યાન બાદ પ્રો. ઉજ્જવલ જયસ્વાલ દ્વારા પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું.

હાલના સમયે મહિલા સુરક્ષા એ સૌથી મોટો પ્રશ્ન થઈ ગયો છે. શાળા કોલેજ દરમિયાન વિદ્યાર્થીનીઓને અસામાજિક તત્વો દ્વારા છેડતી પણ કરવામાં આવતી હોય છે. ત્યારે સેક્ટર-૭માં આવેલ મહિલા આર્ટસ કોલેજમાં સ્વ-સુરક્ષા અંતર્ગત પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું.

હાલના સમયે મહિલા સુરક્ષાએ સૌથી મોટો પ્રશ્ન થઈ ગયો છે. શાળા-કોલેજ દરમિયાન વિદ્યાર્થીનીઓને અસામાજિક તત્વો દ્વારા છેડતી પણ કરવામાં આવતી હોય છે. ત્યારે સેક્ટર-૭ માં આવેલ મહિલા આર્ટસ કોલેજમાં સ્વ-સુરક્ષા અંતર્ગત પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું.

પહેલા દિવસે એ.સી.પી. ડૉ. કાનન દેસાઈનું વ્યાખ્યાન યોજાયું હતું. તેમજ બીજા દિવસે પ્રો. ઉજ્જવલ જયસ્વાલે પ્રેક્ટીકલ કરી સ્વ. બચાવ અંગેની તાલીમ આપી હતી. જેમાં તેમણે એકલી છોકરીને લુખ્ખા તત્વો ઘેરી વળ્યા હોય તો કેવી રીતે સામનો કરી મુક્ત થવાય તેનું પ્રેક્ટીકલ દ્વારા સમજ આપી હતી. કાર્યક્રમનું આયોજન સી.ડબલ્યુ.ડી.સી. અંતર્ગત પ્રા. લીલાબેન અને પ્રા. ગીતાબેને કર્યું હતું.

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની યાદીમાં સુધારા

અમદાવાદ, તા.૮

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી હાલાકી નિવારવા તેમજ જાતિ પ્રમાણપત્ર આપતી વખતે ગેરસમજણ દૂર કરવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની યાદીમાં સમાવિષ્ટ જાતિ સામે એક ઠરાવ દ્વારા સુધારા સાથે સ્પષ્ટતા કરાઈ છે. આ ઠરાવ મુજબ સામવિષ્ટ જાતિ સામે સ્પષ્તા સૂચક શબ્દો તથા ચિન્હોમાં જાતિ ક્રમાંક ૯૯માં હાલની સ્થિતિએ કુંભાર (બીયાર, કદરા પટેલ, લાઠીયા, પેટમેકર, પ્રજાપતિ, વરીયા, વારીઆ), સોરઠી. કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, સોરઠીયા પ્રજાપતિ, ગુજ્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપિ, ગુર્જર ક્ષત્રીય કડીયા, અને કડીયા કુંભાર, ક્ષત્રીય કડીયા કડીયાનો યાદીમાં સમાવેશ થતો હતો. આ અંગેની સુધારા યાદીમાં કુંભાર, કુંભાર (બીયાર,કદરા પટેલ, લાઠીયા, પોટમેકર, પ્રજાપતિ, વરીયા, વરીઆ) સોરઠીયા, કુંભાર, ગુર્જર કુંભાર, વાટીયા કુંભાર, પ્રજાપતિ, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપતિ, ગુજ્જર ક્ષત્રીય કડીયા, કડીયા કુંભાર, ક્ષત્રીય કડીયા અને કડીયાનો સમાવેશ થાય છે. આજ રીતે જાતિ ક્રમાંક (૨૯-બ) માં હાલની સ્થિતિએ તરીઆ, તાઈ, તરીયા-તાઈ (બધા મુસ્લિમ)નો યાદીમાં સમાવેશ થતો હતો, જેમાં સુધારો કરી નવી યાદીમાં તરીયા, તાઈ, તરીયા-તાઈ તુરીયા (બધા મુસ્લિમ)નો સમાવેશ કરવામાં આવ્યો છે તેમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવમાં જણાવ્યું છે.

## રામકથાની પૂર્ણાહુતિ

શહેરના સેકટર-૧૨-સીના રહીશો દ્વારા નવરાત્રિ ચોક સેકટર-૧૨-સી ખાતે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા પ.પૂ. પ્રહલાદદાસ બાપુની વ્યાસપીઠે યોજાઈ રહી છે ત્યારે તા. ૩૧ જાન્યુઆરીના રોજ પ્રારંભ થયેલ કથાની પૂર્ણાહુતિ આજ રોજ રવિવારે કરવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સેક્ટર- ૬ માં આજે આનંદ ગરબા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૮

શ્રી શિવ મહાપુરાણ કથા સમિતિ દ્વારા તા. ૧૦ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન બપોરે ૧ થી ૫ કલાકે સેકટર-૬ ખાતે શિવ મહાપુરાણ કથા યોજાશે. કથા પ્રારંભના એક દિવસ પહેલા આજરોજ સોમવારે આનંદ ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નગરના તમામ આનંદ ગરબા મંડળો આનંદનો ગરબો કરશે. આ ધાર્મિક કાર્યક્રમમાં નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## બીચ હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાતની ટીમે સિલ્વર મેડલ મેળવ્યા

### કેરાલામાં ભાઈઓની બીચ હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી : ફાઈનલમાં છત્તીસગઢ સામે હાર

ગાંધીનગર, તા. ૮

નેશનલ બીચ હેન્ડબોલ સ્પર્ધા કેરાલા ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં ગુજરાતની ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ફાઈનલ મેચમાં છત્તીસગઢની સામે પરાજય થતા સિલ્વર મેડલ મેળવ્યો હતો.



ગુજરાત હેન્ડબોલ એસોસિએશન દ્વારા અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી ગુજરાતના ખેલાડીઓ દરેક રમતમાં પોતાનું કૌશલ્ય બતાવે તે માટે અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

કેરાલા ખાતે ગત તા. ૧ થી ૬ ફેબ્રુઆરી દરમ્યાન ભાઈઓની નેશનલ બીચ હેન્ડબોલ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગુજરાતની ટીમે સેમિફાઈનલમાં કેરાલાની ટીમને પરાસ્ત કરી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. ફાઈનલ મેચ છત્તીસગઢ અને ગુજરાતની ટીમ વચ્ચે યોજાઈ હતી.

રસાકસીભર્યા મુકાબલામાં ગુજરાતની ટીમે જોમ સાથે પ્રદર્શન કર્યું હતું. પરંતુ છત્તીસગઢની ટીમ સામે પરાજય થયો હતો. ત્યારે પ્રથમ વખત જ નેશનલ ગેમ્સમાં સમાવેશ કરવામાં આવ્યો હોવા છતા પણ ગુજરાતની ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ફાઈનલમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

ગુજરાતની ટીમે ફાઈનલમાં પહોંચવાની સિદ્ધિ મેળવવા બદલ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના હેન્ડહોલ કોચ કૌશિક પટેલ, પ્રવિણ સિંઘ, સંતોષ પંડ્યા તેમજ ગાંધીનગર જિલ્લા હેન્ડબોલ એસોસિએશનના પ્રમુખ ડી.એન. વાટલિયા, ચેરમેન ભરતજી ઠાકોર સહિતના પદાધિકારીઓએ અભિનંદન પાઠવ્યા છે.

## શિક્ષણની સાથે સંસ્કારની જરૂર છે : શ્રમ-રોજગાર મંત્રીનો મત

અમદાવાદ, તા.૮

રાજયકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી દિલિપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે સુણસર ગામની જરૂરીયાતને પુરી કરવા રાજય સરકાર કટિબધ્ધ રહી છે. ભુતકાળને ભુલી ભવિષ્ય નિર્માણ માટે શિક્ષણ સાથે સંસ્કારની જરૂરિયાત છે. સંસ્કારની આ યુનિવર્સિટી માનવદેહ બનાવવાનું કામ કરી રહી છે. સુણસર ગામની બહેનોએ સંસ્કાર, શિક્ષણ અને વ્યસનમુકત બનાવવાની પ્રતિજ્ઞા લીધેલ છે. જેનાથી આ ગામની પ્રતિષ્ઠા વધી છે. આ પ્રસંગે ગૃહરાજય મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે આપણી સંસ્કુતિમાં પુરુષાર્થના પાયામાં ધર્મ રહેલા છે. ધર્મનું જ્ઞાન પ્રત્યે વ્યકિત સુધી પહોંચે અને પરિવર્તન આવે તેવા પ્રયાસો સ્વામી નારાયણ સંપ્રદાયથી થઈ રહ્યા છે. બી.એ.પી.એસ સંસ્થા સમ્રગ વિશ્વમાં ધર્મનું જ્ઞાન પ્રસરાવી રહી છે. આ પ્રસંગે ઉપસ્થિતિ સંસદીય સચિવ ભરતસિંહ ડાભીએ જણાવ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજના વિચારોની સુણસર ગામની કાયાપલટ થઈ છે.

## એલ.ડી.આર.પી. કોલેજમાં નેશનલ મેગા ફેસ્ટિવલ

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસસી આઈટી, એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડિઝ અને એલડીઆરપી-આઈટીઆર દ્વારા નેશનલ ટેકનિકલ મેગા ફેસ્ટીવલ લા-કમ્પાસ-૨૦૧૫નું આયોજન તા. ૧૦ ફેબ્રુઆરીના મંગળવારના રોજ એલડીઆરપી-આઈટીઆર કેમ્પસ, સેકટર-૧૫ અને એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડિઝ, સેકટર-૨૩ ખાતે યોજાશે. જેમાં રાજયની ૧૦૦થી વધુ કોમ્પ્યુટર સાયન્સ કોલેજના આશરે ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ આઈટી કિવઝ, ડી-કોર્ડીંગ પેપર પ્રેઝન્ટેશન, બી-ઈનોવેટીવ, ૫૦૦ ફોરચ્યુન, ગેમીંગ, એન્ડ્રોઈડ સેમિનાર, યુનિટી ૩-ડી સેમીનાર, ક્રિએટીવ આર્ટીસ્ટ, સોફ્ટવેર સ્નિપર, વેબસાઈટ ડિઝાઈન, પોસ્ટર સ્પીક સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

## ધી ફેમીલી કોર્ટસ એક્ટ-૧૯૮૪ અસ્તિત્વમાં આવતા પતિ-પત્ની વચ્ચેની તકરાર તેમજ કૌટુંબિક બાબતોની તમામ તકરારની હકૂમત ફેમીલી કોર્ટને છે

### મહિલા સમાજ અને કાયદા

- ડો. ભાવના કે. જોશીપુરા

આપણે ઘણાં અંકોથી વિદેશી ભારતીય લગ્ન અંગે ચર્ચા કરી રહયા છીએ અને લગભગ તમામ કાયદાકીય અને સામાજીક સંદર્ભ સાથે આપણે વિશેષમાં આ બાબતે ચર્ચા કરી છે અનેક વાચકોએ ખૂબ પ્રશ્નો પુછયા છે. કોઈને પોતાનો પ્રશ્ન છે તો કોઈકને સગાસંબંધીનો પ્રશ્ન છે. મહત્તમ પ્રશ્નોના જવાબ આપવાની આ કોલમમાં કોશિષ કરી છે. ખાસ એ વાતનો આનંદ છે કે દુરસુદુર રહેતી બહેન દિકરી કાયદાનું જ્ઞાન મેળવીને પોતાના પ્રશ્નનું નિરાકરણ મેળવવા કોશિષ કરે છે. મહિલાઓની સામાજીક જાગૃતિ સાથે કાયદાકીય જાગૃતિ એ તંદુરસ્ત સમાજ નિર્માણમાં ખૂબ મોટો ભાગ ભજવે છે. બહેનોનું આત્મ હત્યા પ્રમાણ પણ કાયદાકીય જાગતિને કારણે ઘટાડી શકાશે તેમા શંકાને કોઈ સ્થાન નથી. એવું લાગે છે કે કાનુની જાગૃતિએ સામાજીક જાગૃતિનો એક ભાગ છે.

ગાંધીનગર ખાતે ફેમીલી કોર્ટ કાર્યરત થયેલ છે. કેટલાક વાચકોએ ફેમીલી કોર્ટ એકટ વિશે પણ જાણવા ઉત્કંઠા બતાવેલ છે. ધી ફેમીલી કોટર્સ એકટ, ૧૯૮૪ સંદર્ભે જોઈએ તો, ફેમીલી કોર્ટ અસ્તીત્વમાં આવી તે પહેલા લગ્ન વિષયક તકરાર સંદર્ભેના કેસો અલગ અલગ કોર્ટોમાં હકુમત મુજબ ચલાવવામાં આવતા હતા. ભરણપોષણના કેસો, ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા તો તાલુકા કક્ષાએ જો પત્ની રહેતી હોય તો જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ ભરણપોષણ મેળવવાની અરજી જે તે સ્ત્રી પોતાની જાત માટે તેમજ બાળકો માટે પોતાના પતિ પાસેથી ભરણપોષણ મેળવવા દાલખ કરાવવાનો અધિકાર ધરાવતી હતી અને તે જ રીતે આપણે અગાવ પણ જોયું છે કે વૃધ્ધ માતાપિતાને પણ પોતાના બાળકો પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે. લગ્ન વિષયક તકરાર સંદર્ભે બીજી મુખ્ય તકરારો એ પતિ અને પત્ની વચ્ચે લગ્નના હકક પુરા કરવા સંદર્ભે એટલે કે હિન્દુ મેરેજ એકટ કલમ - ૯ અંતર્ગતની અરજીઓ તેમજ પતિ અને પત્ની વચ્ચે છુટાછેડા મેળવવા સંદર્ભેની તકરાર એટલે કે હિન્દુ મેરેજ એકટ કલમ-૧૩ અંતર્ગતની તકરાર હકુમત વાળી સિવિલ જજ સિનિયર ડિવીઝન સાહેબની કોર્ટમાં દાખલ કરવામાં આવતી. પતિ અને પત્ની વચ્ચે ઉદ્ભવતી ત્રીજા પકારની લગ્ન વિષયક તકરાર એટલે બાળકોના કબજા અને વાલીપણ અંગેની તકરાર. બાળકોના કબજા અને વાલીપણાની તકરાર હકુમતવાળી ડિસ્ટ્રીકટ કોર્ટમાં દાખલ કરવામાં આવતી હતી. ધી ફેમીલી કોટર્સ એકટ - ૧૯૮૪ અસ્તીત્વમાં આવતાં પતિ પત્ની વચ્ચેની તકરાર તેમજ કૌટુંબિક બાબતોની તમામ તકરારની હકુમત ફેમીલી કોર્ટને છે.

ફેમીલી કોર્ટ એકટની વ્યાખ્યા જોઈએ તો, આ કાયદાને ફેમીલી કોટર્સ એકટ-૧૯૮૪ કહેવામાં આવશે. આ કાયદો જમ્મુ અને કાશમીર સિવાય સમગ્ર ભારતમાં વિસ્તારમાં આવેલ છે અને ત્રીજી અગત્યની બાબત એ કેન્દ્ર સરકાર કાયદેસરના ગેઝેટમાં આપેલ જાહેર નામાથી જે તારીખ નકકી કરે તે તારીખથી તે અમલમાં આવશે અને અલગ અલગ રાજયો માટે અલગ અલગ તારીખો નકકી કરી શકાશે.

લગ્ન વિષયક તકરાર એટલે કે પતિ પત્ની વચ્ચેની તકરાર હોય કે બાળકો અંગેની તકરાર તેમજ તમામ કૌટુંબિક બાબતોની તકરાર, આ તમામ બાબતો અંગે જયારે ન્યાય અદાલતમાં કાયદેસરની તકરાર ઉભી થાય તે તમામ તકરારોનો નિકાલ ઝપડથી આવી શકે અને કુટુંબના લોકોને તકરાર ચાલતા દરમ્યાન એકબીજા સામે ઉભા થયેલા વિવાદો તટસ્થ ભાવે વ્યકત કરી શકે તેવા વિશાળ દ્રષ્ટીકોણથી ફેમીલી કોર્ટ એકટ ઘડવામાં આવેલ છે.

ફેમીલી કોર્ટના જજ એ ડિસ્ટ્રીકટ જજ કક્ષાના જજ છે જે જિલ્લામાં ફેમીલી કોર્ટ અસ્તીત્વમાં આવે છે તે જિલ્લાના પ્રિન્સીપાલ ફેમીલી જજ એ જિલ્લા કક્ષાએ સ્વતંત્ર રીતે ફેમીલી કોર્ટ અસ્તીત્વમાં ધરાવે છે અને આ ફેમીલી કોર્ટ એ ગુજરાત હાઈકોર્ટ અંતર્ગત જેમ દરેક જિલ્લામાં જિલ્લા સત્ર અને ન્યાય અદાલતો હોય છે એમ દરેક જિલ્લામાં ફેમીલી કોર્ટ અસ્તીત્વમાં આવે છે.

રાજય સરકાર એ જે તે રાજયની હાઈકોર્ટ સાથે સલાહ મસલત કરીને જાહેરનામાથી ફેમીલી કોર્ટની રચના સંદર્ભે જાહેરાત થાય છે. ખાસ કરીને જે નગર અથવા શહેરની વસતી દસ લાખથી વધુ હોય તે નગર અથવા શહેર સહિતના રાજયના તમામ વિસ્તારમાં એક ફેમીલી કોર્ટની સ્થાપના કરવામાં આવશે તેવી કાયદા અંતગર્ત જોગવાઈ છે. હાઈકોર્ટની સંમતીથી રાજય સરકાર એક અથવા વધુ વ્યકિતઓને ફેમીલી કોર્ટના જજ તરીકે નિમી શકે છે. આ કાયદામાં એવી પણ જોગવાઈ કરવામાં આવે છે કે હાઈકોર્ટ સાથે સલાહ મસલત કરીને રાજય સરકાર ફેમીલી કોર્ટના કાર્ય અંગે કાઉન્સીલરની પણ નિમણૂંક કરી શકાય છે. આ કાઉન્સીલર એટલે જેમ કુટુંબ તકરાર માટેના નિવારણ માટે જે સામાજીક કેન્દ્રો કામ કરે છે તેમાં જે રીતે કાઉન્સીલર કામગીરી બજાવે છે તે રીતે ફેમીલી કોર્ટ પણ જે તે જીલ્લાના સામાજિક કાર્યકરો અને જે તે જિલ્લામાં કામ કરતી સમાજ સેવી સંસ્થાના કાર્યકરો કે જે ખાસ કરીને કાઉન્સેલીંગનો અનૂભવ ધરાવે છે તેઓને ફેમીલી કોર્ટમાં પણ કાઉન્સીલર તરીકે નિમંત્રીત કરી શકે છે.

ફેમીલી કોર્ટ જે તે જિલ્લામાં અસ્તીત્વમાં આવતા કૌટુંબિક તકરારને લગતા જે તે કેસો જે તે કોર્ટમાં ચાલતા હતા તે બધા જ કેસોને ફેમીલી કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે અને આવા કેસો ફેમીલી કોર્ટમાં ટ્રાન્સફર થયા છે તેની જાણ જે તે પક્ષકારોને અને વકિલોને પણ કરવામાં આવે છે. એટલું જ નહી જે તે કોર્ટના નોટિસ બોર્ડ પર પણ કેસો ટ્રાન્સર થયા અંગેની જાહેરાત કરવામાં આવે છે, આમ જોઈએ તો ફેમીલી કોર્ટ સ્વતંત્ર કોર્ટ તરીકે કામ કરે છે.

ફેમીલી કોર્ટની હકુમત સંદર્ભે જોઈએ તો, કોઈપણ કાયદા હેઠળ કુટુંબને લગતા દાવાઓ જે થાય તે બાબતમાં કોઈપણ ડીસ્ટ્રીકટ કોર્ટ અથવા કોઈપણ તબાની સિવિલ કોર્ટ જે હકુમતનો ઉપયોગ કરે તેવી બધી હકુમત ફેમીલી કોર્ટને રહેશે અને તે તેનો ઉપયોગ કરશે અને હકુમતના સંદર્ભમાં ફેમીલી કોર્ટ એ ડીસ્ટ્રીકટ કોર્ટ છે તેમ માનવામાં આવશે અને ફેમીલી કોર્ટની હકુમત જે વિસ્તાર સુધી વિસ્તારે છે તે વિસ્તારની સબોર્ડીનેટ સિવિલ કોર્ટ છે તેમ મનાશે.

ફેમીલી કોર્ટની કાર્યવાહી અને ફેમીલી કોર્ટના દાવાઓ તે વિશેષ જાણકારી સંદર્ભે મળીએ આવતે અંકે...